# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-04-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

****************************************************

1. ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર તેજ બન્યો છે.
2. સરકાર પેટ્રોલ, ડીઝલ અને એલપીજીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરી રહી
3. દાદરા અને નગર હવેલીમાં ગેસ સિલિન્ડરના પ્રચંડ વિસ્ફોટમાં 4ના મોત અને 6 ઇજાગ્રસ્ત
4. LPG ટેન્કર ગ્રીન સાનવી, યુદ્ધગ્રસ્ત હોર્મુઝ સ્ટ્રેટને સુરક્ષિત રીતે પાર કરીને ભારત પરત પહોંચશે.
5. આઇપીએલ ક્રિકેટમાં રાજસ્થાન રોયલ્સે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# FUR. REV. EVE. PM - KERALAM VISIT

4 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર તેજ બન્યો છે. અગ્રણી રાજકીય પક્ષના નેતાઓ મુખ્ય મતવિસ્તારોમાં ચૂંટણી રેલીઓનું નેતૃત્વ કરી રહ્યા છે. પ્રધાનમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે પશ્ચિમ એશિયામાં રહેતા ભારતીયો, ખાસ કરીને કેરળવાસીઓની સુરક્ષા તેમની સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેઓ આજે NDAના ચૂંટણી પ્રચારના ભાગ રૂપે તિરુવલ્લામાં એક જાહેર રેલીને સંબોધિત કરી રહ્યા હતા. શ્રી મોદીએ જણાવ્યું હતું કે ગલ્ફ દેશો સાથે સરકારના મજબૂત સંબંધો આ મુશ્કેલ સમયમાં ત્યાં રહેતા ભારતીયોને સુરક્ષિત રાખવામાં મદદ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે કેરળ ઐતિહાસિક પરિવર્તન માટે તૈયાર છે.

## BYTE- PM

શ્રી મોદી ચૂંટણી પ્રચારના ભાગ રૂપે તિરુવનંતપુરમમાં એક રોડ શોમાં પણ ભાગ લેશે.કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આજે અલાપ્પુઝામાં જણાવ્યું કે યુડીએફ કેરળમાં વાસ્તવિક પરિવર્તન લાવવા માટે તૈયાર છે.

તેમણે એલડીએફ અને એનડીએ બંનેની ટીકા કરતાં કહ્યું કે વિધાનસભા ચૂંટણી પછી શાસક એલડીએફ તેની પ્રાસંગિકતા ગુમાવી દેશે. તેમણે આજે ઇડુક્કી અને એર્નાકુલમ જિલ્લામાં યુડીએફ ચૂંટણી સભાઓને પણ સંબોધિત કરી હતી.

# MANDAVIYA-PUDUCHERRY

કેન્દ્રીય મંત્રી અને પુડુચેરી માટે ભાજપના ચૂંટણી પ્રભારી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે લોકો ભાજપ દ્વારા રજૂ કરાયેલા વિકાસ એજન્ડા સાથે મજબૂત રીતે ઉભા છે., શ્રી માંડવિયાએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે NDA માહે ક્ષેત્રમાં પ્રચંડ બહુમતી મેળવશે અને આગામી વિધાનસભા ચૂંટણીમાં પુડુચેરીમાં સત્તામાં આવશે. મંત્રીએ માહેમાં NDA ઉમેદવાર માટે ઘરે ઘરે જઈને પ્રચાર પણ કર્યો.

દરમિયાન, તમિલગા વેત્રી કઝગમના વડા અને અભિનેતા સી. જોસેફ વિજયે NDA જોડાણ અને DMK-કોંગ્રેસ જોડાણ બંનેની ટીકા કરી હતી કે તેઓ ઘણા વર્ષોથી કેન્દ્રમાં સત્તામાં હોવા છતાં પુડુચેરીને રાજ્યનો દરજ્જો આપવામાં નિષ્ફળ રહ્યા છે. મુખ્ય ચૂંટણી વચનોની રૂપરેખા આપતા, વિજયે કહ્યું કે જો તેમનું જોડાણ સત્તામાં આવશે તો પુડુચેરીને રાજ્યનો દરજ્જો સુનિશ્ચિત કરવામાં આવશે.

# GOVT - PETROLEUM PRODUCTS

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે કહ્યું કે સરકાર દેશભરમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. તેણે નાગરિકોને પેટ્રોલ અને ડીઝલની ગભરાટભરી ખરીદી અને એલપીજીનું બિનજરૂરી બુકિંગ ટાળવાની સલાહ આપી છે.

મંત્રાલયે કહ્યું કે, તેણે પેટ્રોલિયમ ઉત્પાદનો અને એલપીજીની અવિરત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે સક્રિય પગલાં લીધાં છે. પાંચ કિલોગ્રામ સિલિન્ડર નજીકના એલપીજી વિતરકો પર ઉપલબ્ધ છે અને કોઈપણ માન્ય ઓળખ પુરાવા બતાવીને ખરીદી શકાય છે. મંત્રાલયે ઉમેર્યું કે પાંચ કિલોગ્રામ સિલિન્ડર ખરીદવા માટે કોઈ સરનામાના પુરાવાની જરૂર નથી. તેણે ઉમેર્યું કે ગયા મહિનાની 23 તારીખથી પાંચ કિલોગ્રામ વજનના લગભગ પાંચ લાખ 70 હજાર સિલિન્ડર વેચાયા છે.

# VICE PRESIDENT-BIHAR

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને વિકસિત ભારતના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે શિક્ષણને પરિવર્તનશીલ સાધન ગણાવ્યું. મોતીહારીમાં મહાત્મા ગાંધી સેન્ટ્રલ યુનિવર્સિટીના ત્રીજા દીક્ષાંત સમારોહને સંબોધતા, તેમણે વિદ્યાર્થીઓને દેશ સામેના પડકારોનો સામનો કરવા માટે જ્ઞાનનો ઉપયોગ કરવા વિનંતી કરી.

વર્તમાન યુગને અમૃત કાળ ગણાવતા, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે યુવાનો ભારતના ભવિષ્યના શિલ્પી છે. તેમણે કહ્યું કે ભારત 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવા યુવાનોની શક્તિ પર આધાર રાખી લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે તૈયાર છે.

# DADRA NAGAR HAVELI-BLAST

દાદરા અને નગર હવેલીના દાદરા વિસ્તારમાં ગેસ સિલિન્ડરના વેરહાઉસમાં થયેલા પ્રચંડ વિસ્ફોટમાં ચાર લોકોના મોત થયા છે અને અન્ય છ લોકો ઇજાગ્રસ્ત થયા છે. આજે વહેલી સવારે નાઇટ્રોજન અને ઓક્સિજન સિલિન્ડરનો સંગ્રહ કરતી વખતે આ વિસ્ફોટ થયો હતો. અમારા પ્રતિનિધિના જણાવ્યા મુજબ, વેરહાઉસમાં નાઈટ્રોજન સિલિન્ડર રિફિલ કરતી વખતે એક સિલિન્ડર અચાનક ફૂટ્યો હતો

તાત્કાલિક કટોકટી ટીમો અને વરિષ્ઠ અધિકારીઓ બચાવ કામગીરી શરૂ કરવા માટે ઘટનાસ્થળે દોડી ગયા હતા. દસ ઇજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન ચારના મોત થયા હતા. જિલ્લા કલેક્ટર પ્રિયંક કિશોરે પુષ્ટિ આપી હતી કે વિસ્ફોટથી આસપાસના વિસ્તારમાં વાહનો અને સંપત્તિને નોંધપાત્ર નુકસાન થયું છે.

# LPG TANKER - HORMUZ

ભારતીય ધ્વજવાળું LPG ટેન્કર ગ્રીન સાનવી, યુદ્ધગ્રસ્ત હોર્મુઝ સ્ટ્રેટને સુરક્ષિત રીતે પાર કરીને ભારત પરત ફરી રહ્યું છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, પશ્ચિમ એશિયાઈ સંઘર્ષ વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થનાર આ સાતમું ભારતીય LPG ટેન્કર છે. હાલમાં, પશ્ચિમ પર્સિયન ગલ્ફ ક્ષેત્રમાં 17 ભારતીય ધ્વજવાળા જહાજો છે જે 400 થી વધુ ભારતીય ખલાસીઓને લઈ જાય છે. અત્યાર સુધીમાં, 1,130 થી વધુ ભારતીય ખલાસીઓ ગલ્ફ ક્ષેત્રમાંથી સુરક્ષિત રીતે ઘરે પરત ફર્યા છે.

જહાજ માલિકો અને ભારતીય મિશન સાથે સંકલનમાં શિપિંગ ડિરેક્ટોરેટ જનરલ સક્રિય રીતે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. DG શિપિંગ કંટ્રોલ રૂમસતત કાર્યરત રહે છે.

# RAIPUR-JAISHANKAR ADDRESS

વિદેશ મંત્રી સુબ્રમણ્યમ જયશંકરે જણાવ્યું હતું કે વર્તમાન વૈશ્વિક ઉથલપાથલ ફક્ત પરિસ્થિતિગત નથી પણ માળખાકીય પણ છે અને વિશ્વ વ્યવસ્થામાં નોંધપાત્ર ફેરફારો તરફ દોરી રહી છે.

છત્તીસગઢમાં IIM રાયપુરના દીક્ષાંત સમારોહમાં બોલતા, ડૉ. જયશંકરે કહ્યું કે વિશ્વ વધુ અસ્થિર અને અણધારી વાતાવરણમાં પોતાને સુરક્ષિત રાખવાના પડકારનો સામનો કરી રહ્યું છે.

## BYTE – DR . S. JAI SHANKAR

# VAISHNAW-RAILWAYS

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે ભારતીય રેલવે દેશભરમાં કનેક્ટિવિટીમાં પરિવર્તન લાવી રહી છે, જેમાં આખા વર્ષ દરમિયાન દરરોજ લગભગ 25,000 ટ્રેનો દોડે છે.,

શ્રી વૈષ્ણવે સોશિયલ મીડિયા સંદેશ માં છેલ્લા નાણાકીય વર્ષમાં ભારતીય રેલવે દ્વારા કરવામાં આવેલી અભૂતપૂર્વ પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે માલ અને મુસાફરોના પરિવહનમાં રેકોર્ડ કામગીરી, વંદે ભારત સેવાઓનું વિસ્તરણ, સલામતીમાં સુધારો અને સ્ટેશન અને ટર્મિનલ માળખાને મજબૂત બનાવવાનો ઉલ્લેખ કર્યો હતો, જેનો હેતુ મુસાફરોના અનુભવને સુધારવાનો છે.

# EVE DUTY EXEMPTION- BYTE

એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર મેડિકલ ડિવાઇસીસ - EPCMDના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પ્રવીણ કુમાર મિત્તલે આજે સરકારના વિવિધ પેટ્રોકેમિકલ ઉત્પાદનો પર કસ્ટમ ડ્યુટી મુક્તિ આપવાના નિર્ણયનું સ્વાગત કર્યું છે. આકાશવાણી ન્યૂઝ સાથે ખાસ વાત કરતા શ્રી મિત્તલે જણાવ્યું કે આ નિર્ણય ફુગાવાના દબાણને સીધું ઘટાડશે અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે પુરવઠામાં વિક્ષેપોને દૂર કરશે.

BYTE –PRAVIN KUMAR MITTAL

# NATO-TRUMP

નાટો સેક્રેટરી જનરલ માર્ક રુટ્ટ 8 એપ્રિલથી શરૂ થનારી યુનાઇટેડ સ્ટેટ્સની ચાર દિવસની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે મુલાકાત કરશે.

સેક્રેટરી જનરલ રુટ્ટ 8 એપ્રિલે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો અને ડિફેન્સ સેક્રેટરી પીટ હેગસેથ સાથે વાતચીત કરશે. તેઓ રોનાલ્ડ રીગન પ્રેસિડેન્શિયલ ફાઉન્ડેશન એન્ડ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા આયોજિત એક કાર્યક્રમને પણ સંબોધિત કરશે. ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા યુરોપિયન સાથીઓની ટીકા અને નાટો પ્રત્યે યુનાઇટેડ સ્ટેટ્સની પ્રતિબદ્ધતા અંગેના પ્રશ્નો વચ્ચે આ મુલાકાત આવી છે.

# PAKISTAN-MINORITY SITUATION

પાકિસ્તાનમાં વ્યાપક ભય અને અસુરક્ષાને કારણે ખ્રિસ્તીઓ, હિન્દુઓ અને અન્ય સમુદાયો સહિત લઘુમતી વસ્તી સતત હિજરત કરી રહી છે. પાકિસ્તાનમાં 1947 થી ધાર્મિક લઘુમતીઓએ સામાજિક પૂર્વગ્રહ, સંસ્થાકીય ભેદભાવ અને લક્ષિત હિંસા સહિત અત્યાચારનો સામનો કર્યો છે. યુએસ સ્થિત ગ્લોબલ સ્ટ્રેટ વ્યૂના અહેવાલ મુજબ, બળજબરીથી ધર્માંતરણ, વહેલા લગ્ન અને કાનૂની રક્ષણમાં અસંગતતાઓએ લઘુમતી છોકરીઓને પ્રશ્ન કરવા મજબૂર કર્યા છે કે શું બંધારણ ખરેખર તેમના અધિકારોનું રક્ષણ કરે છે.

અહેવાલ મુજબ, પાકિસ્તાનમાં સાંપ્રદાયિક હિંસાની અસંખ્ય ઘટનાઓએ અપૂર્ણ જવાબદારીના ચિંતાજનક દૃશ્યને ઉજાગર કર્યું છે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે માર્ચમાં એક સગીર ખ્રિસ્તી છોકરી મારિયા શાહબાઝના કેસમાં પાકિસ્તાનની ફેડરલ બંધારણીય અદાલતના તાજેતરના નિર્ણયે હાલની નબળાઈઓને ઉજાગર કરી હતી જ્યારે કોર્ટે તેના લગ્નને સમર્થન આપ્યું હતું અને તેની પરત માટેની અરજીને ફગાવી દીધી હતી. તેવી જ રીતે, ઘણી લઘુમતીઓને લાગે છે કે નાગરિક હોવા છતાં, તેઓ તેમના અધિકારો, સલામતી અથવા ગૌરવનું રક્ષણ કરવા માટે રાજ્ય પર વિશ્વાસ કરી શકતા નથી.